# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૪/ક્વા-૪/૧૯-૨૦/૧૭૮૭-૪** તા.૧૨.03.૨૦૨૦

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.0૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.0૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, **રાજકોટ** ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No. PG- ૪/ક્વા-૪/૧૯-૨૦

અરજદાર: ઇન્દુબેન પ્રવીણભાઈ જોશી , ગામ - શીશક **સબડીવીઝન:** ગોંડલ રૂરલ-૧
રજૂઆત કરનાર: અરજદાર હસમુખ પી. જોશી હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – ગોંડલ
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી વિ. જી. મારકણા -પીજીવીસીએલ વિભાગીય કચેરી – ગોંડલ

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: 0૪-03-૨૦૨૦ (બુધવાર)

૧.0 સદર કેસની સુનાવણી તા. 0૪-03-૨૦૨૦(બુધવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, તેઓ ગ્રાહક નં.૩૩૧૫૬/૦૦૦૫૭/૪ થી વીજજોડાણ ધરાવે છે. તેઓના જોડાણમાં છેલ્લા ૦૨ વીજબીલ માહે ઓકટોબર–૧૯ અને માહે ડિસેમ્બર – ૧૯ માં ઉજાલા ના રૂ.૭૫/– ની રકમ બાકી આવેલ હોય – પરંતુ તેઓ દ્વારા આજદિન સુધી બલ્બ ની ખરીદી હપ્તેથી કરાયેલ ન હોય – તે **બાબત** ની અરજી સબંધક પેટા વિભાગીય કચેરીમાં આપેલ હતી પરંતુ કોઈ નિરાકરણ ન આવતા અરજદારે સદર તમામ રકમ જમા અપાવવા અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- ગોંડલ રૂરલ-૧ સબડીવીઝન ના ગ્રાહક ઇન્દુબેન પ્રવીણભાઈ જોશી ગામ -શીશક તરફથી વીજ વપરાશના બીલમાં ઉજાલા લેમ્પના ચાર્જ બાકી આવતા હોવાની ફરિયાદ બાબતે ગોંડલ ગ્રામ્ય-૧ પેટાવિભાગીય કચેરી દ્વારા પત્રનં.-જી.આર.એસ.ડી.-૧/રેવ/સીજીઆરએફ/૪૭૬ તા.૨૩.૦૧.૨૦૨૦ થી અરજદારશ્રીને વિભાગીય કચેરીની જાણ હેઠળ યોગ્ય પ્રત્યતર આપવામાં આવેલ છે. તે મુજબ વિભાગીય કચેરી દ્વારા આગળની જરૂરી કાર્યવાહી માટે વર્તુળ કચેરીને મોકલવામાં આવેલ છે તેમજ પેટાવિભાગીય કચેરી દ્વારા ઓનલાઈન એલ.ટી. બિલીંગ માં ઉજાલા રીફંડ પ્રોસેસમાં એન્ટ્રી કરેલ છે. ઉજાલા રીફંડ અંગે ડીપાર્ટમેન્ટ કોર્પોરેટ ઓફીસનો જે નિર્ણય આવ્યે આળની કાર્યવાહી કરવામાં આવશે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની ફરીયાદ મુજબ – તેઓના વીજબીલ ગ્રાહક નં. ૩૩૧૫૬/૦૦૦૫૭/૪ મા ઉજાલા બલ્બની રકમ ચડત આવતી હોય – પરંતુ અરજદારે ઉજાલા બલ્બની કોઈ હપ્તેથી ખરીદી કરેલ ન હોય – જેથી સદર રકમ જમા આપવા સબંધક કચેરીમાં રજુઆત કરેલ પરંતુ કોઈ કાર્યવાહી ન થતા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે.

૪.૨ ઉપરોકત પેરા નં.–૪.૧ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરાયેલ પી.આર.ટી.–૧૪૫ મુજબ સદર ગ્રાહક નં. ૩૩૧૫૬/૦૦૦૫૭/૪ ના વીજબીલમાં નીચે મુજબ – ઉજાલા ચાર્જીસ વસુલાયેલ છે.

| Billing Month | Ujala Charges in Rs. |
|---|---|
| May Jun,17 | 75 |

ઉપરોક્ત બાબતે પીજીવીસીએલ પક્ષકાર ની રજૂઆત મુજબ સદર વીજબીલના ખાતામા જમા આપવા માટે ની  કાર્યવાહી પેટા વિભાગીય કચેરી દ્વારા કરાયેલ છે, જેની જરૂરી મંજુરી મળ્યેથી ગ્રાહકના ખાતામા સદર રકમ જમા આપવામા આવશે.

૪.૩ સદર કેઈસ મા, ઉપરોક્ત મુદદા નં. ૪.૨ મુજબ ની વિગતે – અરજદાર દ્વારા ઉજાલા બલ્બ ની ખરીદી E.M.I. પધ્ધતિ દ્વારા કરાયેલ હોય – તે બાબતેના આધાર–પુરાવા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરાયેલ નથી. જેથી, અરજદારના વીજબીલમાં ઉજાલા ચાર્જીસ પેટે રકમ વસુલેલ છે, તે તેઓના બીલીંગ ખાતામા – અરજદાર તથા અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૩૦ મા જમા આપવાની સુચના પીજીવીસીએલ પક્ષકાર ને આપવામા આવે છે.

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૩ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૫ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ: (૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯.